L09003712359
Party Name: GM(E&A)
Received Date : 20/11/2013

ક્રમાંક:જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૨૨/ ૯૫
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૧૩/૧૦/૨૦૧૩
૧૧

## // પરિપત્ર //

વિષય: હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની ફાળવણીની નીતિમાં આંશિક સુધારા બાબત.

સંદર્ભ: (૧) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૨/૩૦, તા. ૨૮/૦૮/૨૦૧૨.

(૨) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૨/૦૭, તા. ૧૫/૦૩/૨૦૧૩.

(૩) નિગમની ૪૭૪ મી સભા તા.૧૨/૦૯/૨૦૧૩ માં પસાર થયેલ ઠરાવ ક્રમાંક : ૯૭/ વિતરણ/૪૭૪/૨૦૧૩.

હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની ફાળવણીની નીતિ ઉપરોક્ત સંદર્ભ દર્શિત ક્રમાંક : ૧, તા. ૨૮/૦૮/૨૦૧૨ તથા ક્રમાંક: ૨, તા. ૧૫/૦૩/૨૦૧૩ ના પરિપત્રથી અમલમાં છે. સદર પરિપત્ર અનુસાર એવા પ્લોટ/શેડ કે જે વસાહતના એકજ રસ્તા ઉપર હયાત એકમની સામેની બાજુએ ઉપલબ્ધ હોય અને જેનું અંતર હયાત એકમથી ૧૦૦ મીટર કરતાં વધુ ના હોય તેવા પ્લોટ/શેડની લગત તરીકે ફાળવણી કરતી વખતે પ્રવર્તમાન વિતરણ દર ની કુલ ૧૨૫% રકમ વસૂલ કરી ફાળવણી કરી શકાય છે.વધુમાં,જો હયાત એકમની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં લગત તરીકે માંગેલ પ્લોટ/શેડ જો ઉપલબ્ધ હોય તો તેવા કિસ્સાઓમાં પણ લગત તરીકે ફાળવણી કરી શકાય છે.

જે કિસ્સાઓમાં હયાત ઉદ્યોગકાર દ્વારા વસાહતમાં આવેલ અનપ્લાન્ડ જમીન (વસાહતના વિકાસ નકશામાં જે જમીનનું આયોજન થયેલ ન હોય) અને જે ઉદ્યોગકારોના હયાત એકમને લગોલગ (અડીને, કોમન દીવાલ) આવેલ હોય તેવા સંજોગોમાં ફાળવણી વખતે ૪૦% વધારાની રકમ પ્રિમીયમ તરીકે પ્રવર્તમાન વિતરણ દર ઉપરાંત વસૂલ કરી ફાળવણી કરવાની રહે છે. નિગમની અમુક વસાહતોમાં હયાત એકમને લગોલગ ના હોય તેવી અનપ્લાન્ડ જમીન માટે પણ ઉદ્યોગકારો દ્વારા માંગણી કરવામાં આવે છે.

ઉપરોક્ત બાબતે નિગમની સભામાં ઠરાવવામાં આવ્યુ કે આવા પ્રકારની અનપ્લાન્ડ જમીનની જરૂરીયાત જો નિગમને ના હોય તો આ બાબતે તાંત્રિકી અભિપ્રાય મેળવવ્યા બાદ, અને, આવા પ્રકારની જમીન જો વસાહતના એકજ રસ્તા ઉપર એકમની સામેની બાજુએ ઉપલબ્ધ હોય અને જેનું અંતર હયાત એકમથી ૧૦૦ મીટર કરતાં વધુ ના હોય તેવા અથવા હયાત એકમની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ઉપલબ્ધ હોય તો તેવા કિસ્સાઓમાં લગત તરીકે ફાળવણી કરી શકાશે. લગત તરીકે ફાળવણી માટેની તમામ અન્ય શરતો ઉપર દરશાવેલ પરિપત્રો મુજબ યથાવત રહે.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી (વિતરણ) ના નામ જોગ પાઠવવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.......

<u>નકલ જયભારત સહ રવાના:</u>

- પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન અમદાવાદ... તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો............ તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસ.એન્ડએ.), જીઆઇડીસી, ગાંધીનગર.....નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ.
(sd.)
જનરલ મેનેજર (ઈ. એન્ડ એ.)

M (COMP) immediate
pl. put up on website
(sd.) 20/11
AVT